ૐ

# ધર્મ વિકાસ



[પુસ્તક ૧ લું.] ફાગણ, : વીર સંવત ૨૪૬૭. [પંચમાંક.

No-057522 10.43.13



શ્રીમદ્ પન્યાસરત્નવિજયજી મહારાજ.


તંત્રી :
લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહ.

પ્રકાશક
ભોગીલાલ સાંકલચંદ શેઠ.

વાર્ષિક લવાજમ] **વિષય-દર્શન.** [રૂપિયા બે

## ફાગણ, વિ. સં. ૧૯૯૭.


| વિષય. | લેખક. | પૃષ્ઠ |
|---|---|---|
| વૈરાગ્ય-વિચાર. | પં. કલ્યાણવિમલજી. | ૧૪૯ |
| श्रीकल्याणकरणस्तोत्रम् | श्रीविजयपद्मसूरीश्वरजी. | १५० |
| ન્યાયવિશારદ શ્રીમદ્યશોવિજયજીને. | મુનિ હેમેન્દ્રસાગરજી | ૧૫૨ |
| आदिनाथ चरित्र पद्य. | जैनाचार्यजयसिंहसूरि. | १५४ |
| सरलतापत्र. | मुनि हेमेन्द्रसागरजी. | १५६ |
| મહત્તા કોની વધારે શાહ કે શહેનશાહની. | મંગળદાસ ત્રીકમદાસ ઝવેરી. | ૧૫૮ |
| शास्त्रसम्मत मानवधर्म और मूर्तिपूजा. | पूज्य मु. श्री. प्रमोदविजयजी. | १६० |
| મનસાગરનાં મોજાં. | બાપુલાલ કાલિદાસ સંઘાણી. | ૧૬૪ |
| एक पंथ दो काज | अमीचंद जैन | १६५ |
| પાનસરમાં પ્રતિષ્ઠા મહોત્સવ. | તંત્રી. | ૧૬૮ |
| રાધનપુરની સામાજીક સંસ્થાઓનું અવલોકન.. | તંત્રી. | ૧૬૯ |
| વિરશાસનનું હડહડતુ જુઠાણું. | પં. કલ્યાણવિજયજી. | ૧૭૦ |
| વર્તમાન સમાચાર. | તંત્રી. | ૧૭૧ |


**પંચાંગ.**

વદિ ૪ ક્ષય

| તિથી | વાર | તારીખ |
|---|---|---|
| સુ૧ | ગુરૂ | ૨૭ |
| ૨ | શુક્ર | ૨૮ |
| ૩ | શનિ | ૧ |
| ૪ | રવિ | ૨ |
| ૫ | સોમ | ૩ |
| ૬ | મંગળ | ૪ |
| ૭ | બુધ | ૫ |
| ૮ | ગુરૂ | ૬ |
| ૯ | શુક્ર | ૭ |
| ૧૦ | શનિ | ૮ |
| ૧૧ | રવિ | ૯ |
| ૧૨ | સોમ | ૧૦ |
| ૧૩ | મંગળ | ૧૧ |
| ૧૪ | બુધ | ૧૨ |
| ૧૫ | ગુરૂ | ૧૩ |
| વ૧ | શુક્ર | ૧૪ |
| ૨ | શનિ | ૧૫ |
| ૩ | રવિ | ૧૬ |
| ૫ | સોમ | ૧૭ |
| ૬ | મંગળ | ૧૮ |
| ૭ | બુધ | ૧૯ |
| ૮ | ગુરૂ | ૨૦ |
| ૯ | શુક્ર | ૨૧ |
| ૧૦ | શનિ | ૨૨ |
| ૧૧ | રવી | ૨૩ |
| ૧૨ | સોમ | ૨૪ |
| ૧૩ | મંગળ | ૨૫ |
| ૧૪ | બુધ | ૨૬ |
| ૦)) | ગુરૂ | ૨૭ |

* માર્ચ ૩૧

સુદિ ૨ શુક્ર શ્રીઅરનાથ ચ્યવનદિન.

સુદિ ૪ રવિ શ્રીમલ્લિનાથ ચ્યવનદિન.

સુદિ ૭ બુધ ચૌમાસી અઠ્ઠાઇ બેઠી.

સુદિ ૮ ગુરૂ શ્રીસંભવનાથ ચ્યવનદિન તથા રોહિણી.

સુદિ ૧૨ સોમ શ્રીમલ્લિનાથ મોક્ષદિન તથા શ્રીમુનિસુવ્રત દીક્ષાદિન.

સુદિ ૧૩ મંગળ સિધ્ધાચળજીમાં છ-ગાઉ પ્રદીક્ષણા.

સુદિ ૧૪ બુધ ચૌમાસી ચૌદશ.

વદિ ૩-૪ રવિ શ્રીપાર્શ્વનાથ ચ્યવન તથા કેવલદિન.

વદિ ૫ સોમ શ્રીચંદ્રપ્રભુ ચ્યવનદિન.

વદિ ૮ ગુરૂ શ્રીઆદિનાથ જન્મ તથા દીક્ષાદિન અને વર્ષી તપની શરૂઆત.

દ્વારાઃ-વિજયનીતિસૂરિ જૈન પુસ્તકાલય, ગાંધીરોડ, અમદાવાદ.

# જૈનધર્મ વિકાસ.

પુસ્તક ૧ લું. ફાગણ, સં. ૧૯૯૭. અંક ૫ મો.


## —: વૈરાગ્ય—વિચાર :—

યોજક:—પં. શ્રીકલ્યાણ વિમલજી મહારાજ.

પુદ્ગલકેરા બાગમાં, બેસી વિચારો મર્મ
સુખદુઃખ શી વસ્તુ છે? જુઓ વિચારી કર્મ ૧
પૂર્વ પુન્યના ઉદયથી, મલ્યો મનુષ્ય અવતાર
તક આવી હારી જશું, તો પાછો હેરાન ૨
ચાર ગતિના દુઃખનો, ગણતા નાવે પાર
મનુષ્ય ગતિએ જ્ઞાનગુણ, જો ઉઘડે ભવપાર ૩
પૂર્વોપાર્જીત કર્મનો, ઉદય રહે ચીરકાલ
રાગદ્વેષને જો તજો, તો ત્રટે ભવ જાલ ૪
નિમિત્ત મલતાં આતમા, ભલે નિમિત્તની માંય,
ભલતા ભળતા તદ્રુપથઇ, ભમે ભવની માંય ૫
જો વૃત્તિ રહે પરભાવમાં, ખેંચી લઇ તત્કાલ
ઉદાસીન થઇ આત્મમાં, વર્તો સ્વરૂપાકાર ૬
આશા ઇચ્છા નષ્ટ થઇ, ટળે જડ સ્વરૂપ
જીવ જીવે જીવભાવમાં, જ્ઞાનાનંદ સ્વરૂપ ૭
ઇચ્છા આરંભ મૂળ છે. આરંભે જકડાય
તૂટે ઇચ્છા મૂળમાં, તો પામે ભવપાર ૮
આકર્ષક આ સંસારમાં, આત્મધરે ઉપયોગ
પોતાથી પોતેપડે, એમાં કોનો દોષ? ૯
ચાર ગતિ ચરણ કર્યે, પંચમ ગતિ પમાય
શુદ્ધાતમ સ્વરૂપે રમણુતા, ચૌગતિ ચૂરણ થાય ૧૦

# ॥ श्री कल्याणकरणस्तोत्रम् ॥

कर्ता-आचार्यश्री विजयपद्मसूरीश्वरजी महाराज.

( અંક. ૪ પૃષ્ઠ ૧૨૬ થી અનુસંધાન )

सिवसग्गसम्मलाहं-तवं चरिज्जा कुकम्मगिरि वज्जं ।
तवसा विग्घविणासो-तवो परममंगलसरूवो ॥३९॥
लद्धी लद्धा तवसा-सणंकुमारेण धण्णमुणिवइणा ।
सुरसामिद्धी विलओ-निकायपयचियाहकम्माणं ॥४०॥
अधुवत्ताताणभवा-एगण्णत्तं तणूण असुइत्तं ।
आसवसंवरनिज्जर-लोगसरूवं च बोहीए ॥४१॥
दुल्लहभावो तित्थं-गराण जिणधम्मसाहगेसाणं ।
बारसहि भावणाहिं-एयाहि हविज्ज मणसुद्धी ॥४२॥
तिण्हं दाणाईणं-होज्जा वरभावणाइ फलसिद्धी ।
तद्धाणीए हाणी-फलस्स नियमाउ बोद्धव्वा ॥४३॥
सुहभावणाइ लद्धं-भरहनिवेणं पसण्णचंदेणं ।
पंचमकेवलनाणं-भाविज्जा भावणं समयं ॥४४॥
सुहसज्झाओ परमो-तवो जओ होज्ज जोगथिज्जाओ ।
चंचलजोगो न कया-करेइ सज्झाय मणवज्जं ॥४५॥
नूयणगुणोवलंभो-संपण्णचरित्तरक्खणं चिमला ।
उवयारो सज्झाया-सपराणं मोहविद्दवणा ॥४६॥
सज्झाओ पंचविहो-तत्थज्जो वायणा तहा पुच्छा ।
परियट्टणा णुपेहा-धम्मकहा पंचमो भणिओ ॥४७॥
सोचा सज्झायरवं-अवंतिसुकुमालसेट्ठितणयस्स ।
थोवसमयचारित्ता-नलिणीगुम्मस्स संपत्ती ॥४८॥
सयलागमणिस्संदो-नवकारो रोगसोगविग्घहरो ।
निव्वुइसुरत्तपत्ती-जविज्ज तं पुण्णहरिसाओ ॥४९॥
णिद्दोसाणंददओ-परोवयारो विवड्ढए धिज्जं ।
अवकरिसइ दीणत्तं-अत्तंभरियं विमोएइ ॥५०॥

मणसुद्धिं पकरेए–पयडेइ पहुत्त मुत्तमं सुहयं ।
नियवीरियप्पयासो–परोवयारा कया सम्मं ॥५१॥
सपरोवयार दक्खो–पणट्ठरयमोहजण्णदोसगणो ।
जम्मंतरे वि कमसो–लहेइ सम्मग्ग मुण्णइयं ॥५२॥
न तओ से परिवडए–इय णच्चा ऽऽसण्णसिद्धि भव्वेहिं ।
कज्जो परोवयारो–तित्थयराईण दिट्ठंता ॥५३॥
जयणापुव्वपवित्ती–णिद्दोसा देइ सयलसुहसिद्धी ।
कुज्जा जयणं हरिसा–कओ वि भीई न जं होज्जा ॥५४॥
पहुपूया संतिदया–समयापरिवड्ढिणी कसायखया ।
उवसग्गविग्घणासा–मणसुद्धिपया कया भावा ॥५५॥
पुज्जत्तं पूयाए–अट्ठपयाराइ सत्तिईइ वरं ।
न विणा पूयगभावं–संपज्जइ पूयणिज्जत्तं ॥५६॥
सामण्णस्स वि सेवा–होइण विहला तया जिणिंदस्स ।
होज्ज कहं विहला सा–णिप्पडिवाया सया भत्ती ॥५७॥
वुत्ता वित्थारेणं–पूया सिरिधम्मसंगहे गंथे ।
रायसतामसपूया–हेया संसारभमणदया ॥५८॥
नियगुणरइलाहट्ठं–पूया सिरिणागकेउदिट्ठंता ।
सा कज्जा भव्वेहिं–होज्ज जओ मुत्तिदेवत्तं ॥५९॥
सव्वण्णू जियराओ–जहट्ठवाई तिलोयपुज्जपओ ।
परमेसरो जिणमए–पुण्णो वुत्तो महादेवो ॥६०॥
पंचमहव्वयजुत्तो–जिणमग्गठिओ सुमग्गपरिभासी ।
वुत्तो गुरू पहूहिं–संखेवा संथुई तस्स ॥६१॥
नासेइ नीअगोत्तं–बंधावइ उच्चगोत्त मणवज्जं ।
अवणेइ सव्वदोसे–वड्ढेइ गुणे सुहं देए ॥६२॥
संपत्ता सुररिद्धी–पएसिभूवेण केसिअणुभावा ।
परमोवयारिसुगुरू–तारेइ परं तरेइ सयं ॥६३॥
दुविहं सिरिजिणपूअं–गुरुत्थुइं सुलहबोहियं समयं ।
इह परभवम्मि सययं–इट्ठपयाणं करिज्ज सया ॥६४॥

अपूर्ण

# ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજીને

(રાગ–મરાઠી સાખી)[રક્ત ટપકતી સો સો ઝોળી]

યશોવિજયજી! જ્ઞાન દિવાકર દિવ્ય પ્રકાશ પ્રસાર્યો
સત્તરમા સૈકામાં પ્રગટ્યા ભવિજન સમૂહ તાર્યો
શ્રેયતણા શુભ પંથેરે
કરીયાં જન હિતનાં કાર્યો ૧

કાશીના વિદ્વદ્ મંડળથી પામ્યા બિરૂદ સારૂં,
ન્યાય વિશારદ ન્યાયાચાર્યનું, ચિત્તને હરનારૂં,
જેની પ્યારી મૂર્તિને
નિરખી મમ નેત્રો ઠારૂં ૨

જિન શાસનના રક્ષક સાધુ ધર્મ પ્રચાર વધાર્યો,
વાચક પદ ગુરુજીએ દીધું ચારિત્ર ગુણ જ્યાં ભાળ્યો;
ટાળી શિથિલતા સહુની
ચારિત્ર ધર્મ પુરો પાળ્યો ૩

વૈયાકરણ, ન્યાય વિષયમાં, પ્રૌઢ જ્ઞાન જે ધારે
તર્ક શાસ્ત્રમાં શીરોમણિપદ, પામ્યા અતિશે ભારે;
જન હજી ગાય ગુણો હોંસે
અન્તર કેરા શુભ પ્યારે ૪

વિચર્યા દેશોદેશ ગુરુજી વિદ્વાનો બહુ હાર્યા,
વિજય પંથની દિવ્ય ધ્વજાથી વિદ્વાનોને ડાર્યા;
મૌલિક ગ્રંથ રચ્યા ન્યારા
અષ્ટોતર શત રસ નિતર્યા ૫

કાવ્યકલા કુશલ કવિ ગુર્જર, માલવ ભૂમિએ વિચર્યા
ગુજરાતે ને હિન્દુસ્થાને પંડિતજન સહુ ઉચર્યા;
પંડિત વર આ અતિ ભારે
જેની સંગતથી જન તરે ૬

**કલિકાલ સર્વજ્ઞ** પછીના છેલ્લા નર બળશાળી,
વિદ્વજ્જનમાં સર્વશ્રેષ્ઠ એ, ગીતારથ ગુણશાળી;
દૃષ્ટિ દીર્ઘ અતિ ભાળી
વાણી અતિ ગૌરવવાળી ૭

આરાધન કીધું કાશીમાં સરસ્વતીનું પ્રેમે,
ગુરુવર કેરી કૃપા દૃષ્ટિથી વિદ્યા પામ્યા રે'મે;
ઉત્તમ **વિનય** તણા બળથી
તરીઆ પાર કુશળ એમે ૮

સ્મરણ શક્તિના અજોડ નર આ **દર્ભાવતીના** સ્થાને
સત્તરસો તેંતાલીસ સાલે, પામ્યા મૃત્યુ માને;
લાલીત્યે પ્રતિશબ્દો સૌ
હરતા તૃષા સુધા પાને ૯

મહા પુરૂષોનાં પૂજન એ દેશ તણી છે સેવા,
જેના પ્રતિ ચરણે જન! વેરો, પુષ્પો સુખપદ લેવા;
પ્રગટો અંતરમાં જ્યોતિ
**યશ** સમ જ્ઞાનરૂડું વરવા ૧૦

સ્વર્ગ વિષે ઉત્તમ પદ ધારી! અરજી મમ ઉર ધરજો
સ્મરણ થકી અંતર અતિ ઉછળે દિવ્ય પ્રેમને વરજો
મુનિ **હેમેન્દ્ર** ધરે ચરણે
ઉરનાં ભાવ પુષ્પ ગ્રહજો ૧૧

રચયિતા. મુનિશ્રી
હેમેન્દ્રસાગરજી

## જૈનાચાર્ય શ્રીવિજયનીતિસૂરિશ્વરજીના સદુપદેશથી ચિતોડ જિનમંદિર જીર્ણોદ્ધાર માટે મળેલ રકમોની યાદિઃ—

( અંક ૪ પૃષ્ઠ ૧૩૨ થી અનુસંધાન )

| | | |
|---|---|---|
| ૧૬૭૪૨-૧૨-૯ | આગળનો સરવાળો | |
| ૪૦૦—૦-૦ | જૈન સોસાયટી જૈન સંઘ | અમદાવાદ |
| ૩૦૧—૦-૦ | મસ્કતી મારકીટની કમીટી તરફથી શેઠ લખમીચંદ જવાનમલ | ,, |
| ૧૮૬—૦-૦ | ઓસવાળ પંચ | સીવગંજ |
| ૫૧—૦-૦ | પુનમચંદજી લાઠીયા | ,, |
| ૪૯—૦-૦ | મુળચંદજી જોધાજી | ,, |
| રૂા. ૧૭૭૨૯-૧૨-૯ | | |

# ॥ आदीनाथ चरित्र पद्य ॥

( जैनाचार्य जयसिंहसूरी तरफथी मळेलुं )

प्रणमू विद्या माय, निजकर पुस्तक धारणिम् ।
कंठ बिराजो आय, गाउं चरित्र भगवान् का ॥

नमू बोध दातार, सहज कृपालु गुरुवर ।
हृदय चरण रजधार. ज्ञानोद्यान विचरण करूं ॥
में हूं मूर्ख गंवार. बिनुपग गिरी चढ़ना चहत ।
लीजो मुझे उबार, गिर न पडूं अधबीच में ॥

नमहुं प्रथम अरिहंत पद भाई, ते प्रभाव सद्‌बुद्धि आइ ।
कर्म रुप अरि मर्दनकारी, भवसागर के है भय हारी ॥
भवदुख मेटन मार्ग बतावे, तीर्थंकर हो मोक्ष सिधावे ।
प्रथम तिर्थंकर रिषभकुमारा, तिनकर चरित्र विदित संसारा ॥

सदामोक्षदायक हे भाइ, महापुरुष के चरित्र सुहाई ।
यहि कारण गाऊं चितलाई, प्रथम तिर्थंकर कीर्ती भाई ॥
प्रथम गाउ पहिला भव प्यारा, जेहिमें सम्यक्त्व भया उजारा ॥

सागर भूधर रत्न सुहावा, नद नदियां हिमधर मन भावा ।
जम्बूद्वीप नाम अति सुन्दर, बीच स्वर्णमय चमकत भूधर ।
ऊंच लक्ष योजन अति भारी, तापर समतल भूमि पियारी ॥

चालिस योजन है विस्तारा, पश्चिम विदेह क्षेत्र है प्यारा ।
क्षेत्र भुमंडल भूषण कारी, नगर बसा एक सुन्दर भारी ॥
प्रतिष्ठित पुर तेहि नाम सुहावा, नगर सु सुन्दर अति मन भावा ।
प्रसन्नचंद्र नृप तेहि नगर, राज्य करत अति नीति ।
धर्म कर्म में रहत नित, करत प्रजासन प्रीति ॥

बसहिं ऋधि ते नृप घर आइ, देव राज सम शोभा छाई ।
धन साह तेहि नगर मझारी, पर उपकार करत अति भारी ॥

धर्म करत धन भया अपारा, तासे हो सब कर उपकारा ।
पर्वत अचल रहे नद माहीं, तेसे साहु अचल सत माहीं ॥

धान ढेरी सम रतन सुहावा, अतुलित संपत ते घर आवा।
ताल निकट जिमि भूमिर्गणि, तेसे हि संपति धन कर सीली।
एक समय साहू मन आवा, बसंत पुरी चलना ठह रावा।
पुनि डोंडी निज नगर फिराई, राह खर्च मैं दूंगा भाई।
चलो बसंत संग बनाइ, यह रचना मम मन अति भाई।
चलन समय भेरी बजवाई, तेहिसे चलना पडे जताई॥

भेरी नाद सुन हुइ तैयारी, बाहर नगर जुड़ा संघ भारी।
धर्म घोष आचार्य वर, तेज वंत अति नेमि।
आये धन साहु निकट, साहु वंदत अति प्रेमि॥
पुनि साहू पूछत अति प्रेमा, स्वामी कहो कुशल अरु क्षेमा॥
बड़भागी मुज कीना नाथा, दर्शन कर में हुआ सनाथा।
हुक्म करो मुझको अय स्वामी, लगत उपाय पूर दूं स्वामी॥
तब बोले मुनिनाथ कृपालु, में भी संग चलूं श्रधालु।
यह सुन सेठ कहे हर्षाइ, धन्य भाग्य मुनि पडे दिखाई॥

तुरत बुलाय रसोइया, हुक्म दिया फरमाय।
व्यंजन अति गुरु कारणे, लाओ वेग बनाय॥
यह सुनि तुरत कहे गुरु राई, यह अहार मुनि कढपन भाई।
अनायास जो मिलहिं अहारा, जैन मुनि कर गोचर कारा॥
नद निमाण नीर नहीं कलपे, अग्नि सोधित जल हम कलपे।
तेहि क्षण एक पुरुष तहं आवा, सुन्दर आम सजा कर लावा॥
तससाहूगुरुसनइमिकहऊ-ग्रहनकरननाथ फल लहऊ।
गुरु बोले सुन अय श्रद्धालु, सचितफलोंको छूवन साधू॥

यह सुनि साहु कहे करजोरी, दुस्तर व्रत साधहुमुनि झोरी।
तुम अनुकूलबेराऊं अहारा, चलिये नाथ संग संघ सारा॥
इमिकह पंथ गमन करनेको, हुक्म दिया सबको चलने को।
चंचल अस्व उंट अरु गाड़ी, हर्ष सहित सब चले अगाड़ी॥
संघ साथ आचार्य विहारी, धर्ममुरत अति सोभा कारी।
आगे आगे साहु पगधारे, तापिछे मणिभद्रसिधारे॥

અપૂર્ણ.

# सरलता पत्र

**ले. मुनिहेमेन्द्रसागर**

परमार्थी आत्मन्

बहुत दिनोंसे आपके पत्रकी प्रतिक्षाकररहाथा कि आज पत्र मिलने पर अकथनीयआनन्दसंप्राप्त हुआ। अत एव फीर भी इसी प्रकार अनुग्रह करते रहें। सदैव मित्रों के पत्र से प्रेरणा प्राप्त कर मेरे जीवन को सदा आनन्दित रखता हूं। विशेष कर मुझे सरल गुण वाले मित्रों के प्रति अत्यन्त प्रेम है। वही मेरे सच्चे मार्गदर्शक है।

जीवन मेंसरलता अति उपयोगी वस्तु है। महान् आत्माओंको यह गुण प्राप्त होता है। पुण्यबलसे मानवता संप्राप्त होती है, मानवी जीवन में ही गुण प्राप्त हो सकता है। सद्गुणों सें मनुष्य जन्म सफलता को प्राप्त होता है।

गुणविविधहोते हुए भी सरलता सर्व श्रेष्ठ गुण माना गया है। सरलता से क्षमा, निर्लोभता, सत्य आदि गुण प्राप्त हो सकते हैं। दस महान् धर्मो में सरलता (आर्जव कूड कपट से रहितपना से रहना) मुख्य माना गया हैं। मनसा, वाचसा, कर्मणा सें कापट्य भाव का त्याग करने वाला सद् धर्म की प्राप्ति करने योग्य बनता है। कर्म बन्धके अनेककरणों से कुटिलता भी एक कारणमाना है, जिससे आत्मा मलीनता प्राप्त करके अनेक योनियों में परिभ्रमण करती हुई दुर्गति को प्राप्त करती है इस लोक में कापट्य पूर्ण जीवनधारीं आत्मा निन्दा अपयश को प्राप्त कर निन्दित होता है।

आत्मश्रेयार्थी सरलता (आर्जवता) कोही जीवनमें अति उपयोगी साधन मानते है, इसलिये प्रत्येक व्यक्ति सरलता को आदरकी दृष्टिसें देखना चाहिये।

सज्जनोंके जीवनमें यदि कोई विशिष्टताहै तो वह सरलता ही हैं। हृदयमें हो वैसा ही मन और आचरण में हो वही सज्जन (साधु) माने जाते हैं।

चित्ते वाचि क्रियायां च, साधूनामेकरूपता।'

साधुजनोंके मन, वचन और आचरण में एकता होती है माया, कपट, दम्भका परित्यागकरनेसें सरलता प्राप्त होती है। इससे मनःशुद्धि होती है। मनःशुद्धि सें धर्माचरणकी योग्यता प्राप्त होती है, धर्माचरणसें सद्गति अर्थार्थ निःश्रेयस् ( मोक्ष ) प्राप्त होता है।

दम्भी—मायावी का धर्माचरण, व्रत; तप, जप, संयम आदि निष्फल हो जाते है मोक्षाभिलाषियों को मोंक्ष प्राप्ति करने में सरलता सहायभूत बनती है, सरल आत्माओं को सम्यग् दर्शन, ज्ञान, चारित्रादि महागुणों की प्राप्ति होती है, जिससे वे अजर अमर

पद को प्राप्त कर कृतकृत्य बन जाते हैं। अव्ययसुख प्राप्तकरनेमें सरलता सर्व गुणों में निधिरूप है। संसारसागर पार करने में नौका के समान मानी गई है। दम्भ त्याग करना ठीक माना गया है! परन्तु दम्भ छोडना अत्यन्त दुष्कर एवं कठिन है।

सुत्यजं रसलाम्पट्यं, सुत्यजं देहभूषणम्।
सुत्यजाः कामभोगाद्या–दुस्त्यजं दम्भसेवनम्॥

विविध रसों का त्याग करना सुलभ है।

शरीर को सुशोभित करने वाले भूषणों को त्यागना इससे भी सुलभ है; काम-भोगादि का परित्याग करना भी सुलभ बन शकता है, किन्तु दम्भसेवनका त्याग करना एवं सरलतापूर्ण जीव यापन करना बडाही दुष्कर माना गया है। अनुभव सें विचार किया जाय तो यह उक्ति वास्तव में सत्य है। आज अपना साधु समाज सरलता को विशेष कर जीवन में धारण कर दम्भ परित्याग करे तो अवश्य।

कल्याण के साथ समाज उद्धार हो सकता है। पूजा प्रतिष्ठाकी क्षुद्र लालसाऐं दम्भ जन्मदात्री मानी गई है। पूजा सत्कार क्षण स्थाई–आत्माभिघाती माना गया है।

विद्या पूर्ण ज़ीवन होते हुए भी 'सरल आत्मा' उच्च मार्ग को प्राप्त करने के लिये तथा अपनी अपूर्णता को पूर्ण करने के लिए महाप्रभु महावीरस्वामी की विनय पूर्वक भक्ति करने के लिए शिष्यत्व स्वीकारकर अपनी आत्माको निर्मल बनाने वाले श्रीगौतम-स्वामीजी विद्या सम्पन्न होते हुए बडे ही सरल प्रकृति के महानुभावथे सत्य प्राप्त होतै ही अपने निर्णित किये हुए काल्पनिक विचारों को छोडकर शास्त्रसम्मत विचार ग्रहण कर लिये। जिस सें उनांकी महानुभावता तथा महांनता स्वयमेव प्रगट होती है।

सदा वे हर एक आत्मा को पूर्णता प्राप्त हो जाय एसी सर्व श्रेष्ठ भावना भी रखते थे। सच्चे पंडित हरएक आत्मा को सच्चासुख कैसे प्राप्त हो उनके विषय में विचार मग्न रहते है। पंडितों में सरलता–सेवा वापरायणता 'गुणिषुप्रमोदः'

इन भावनाओं का अभाव प्रायः देखा जाता है। सच्चे पण्डितों का यह लक्षण नही है।

गौतमस्वामीजी का जीवनआदर्श अपने सन्मुख उपस्थित है। सदा उपास्य देव के गुणों को जानकर उनकी उपासना की जायतो सचमुच वह उपासक मिट कर उपास्य बन सकता है। उपासक, उपास्य और उपासना की एकता हो तब ही जीवन धन्य बनता है। 'देवो भूत्वा देवं यजेत्'।

जीवन नदी के प्रवाह के सदृश है, सर्वदा समान नहीं रहता। प्रत्येक कार्यमें शुभ विचार किया जाय वही क्षण –समय धन्य माना जाता है। अपूर्ण

# મહત્તા કોની વધારે–શાહ કે શહેનશાહની?

(અંક ૪ પૃષ્ઠ ૧૩૪ થી અનુસંધાન)

## મહમદ બેગડો અને ખેમો દેદરાણી.

(લેખકઃ-શ્રી મંગળદાસ ત્રીકમદાસ ઝવેરી—થાણા.)

મહાજને તે પ્રમાણે કબુલ રાખી ખેમાને ટીપ સુપ્રત કરી. ખેમાએ પથારીવશ થએલ વયોવૃદ્ધ પિતા દેદરાણીને સર્વ હકીકત કહી સંભળાવી. પિતાએ કહ્યું, **"ખેમા, ધન કોઈની સાથે ગયું નથી, અને જવાનું નથી માટે અવસર જાળવે તેજ મરદ."** પિતાની આ પ્રમાણે ઉદારતા ભરી અનુમતિ મેળવી ખેમો મહાજન પાસે આવ્યો, અને સર્વે સન્મુખ હાથ જોડી તેણે કહ્યું, "હે **શ્રીમાનો, આ ટીપમાંના ત્રણસો સાઠ દિવસ બધાજ મને આપો.**

બધા ચકિત થયા. ચાંપશી શેઠે કહ્યું, "ખેમા શેઠ, જરા ઘર તપાસીને વિચારીને બોલો. ઘણું કરવું હોય તોપણ થોડુંજ કહીએ, છતાં તમો ગજા ઉપરાંત આ શું કરો છો?"

ખેમાએ કહ્યું, "હે શ્રીમાનો, મેં થોડુંજ કહ્યું છે, અને મારા બોલેલ શબ્દો સાચાજ છે. મને ત્રણસો સાઠે દિવસો આપો." એમ કહી ખેમાએ પોતાના ઘરના ભોંયરાના સંગ્રહિત સુવર્ણ ચરૂઓ તેઓને બતાવ્યા. જે જોતાંજ મહાજન સાનંદાશ્ચર્ય મય બન્યું.

હર્ષાવેશમાં ગળગળિત થએલ મહાજને ખેમા શેઠને કહ્યું, "હે શેઠ, આજે તમે મહાજનની પુરેપુરી ટેક સાચવી છે. અમે નહતા જાણુતા કે મેલાંઘેલાં કપડામાં રહેલ, બકાલી **ખેમો દેદરાણી** મહાજનની ટેક આ પ્રમાણે અણીને સમયે સાચવશે.

મહાજના આગેવાનોએ ખેમાને મેલાંઘેલાં કપડાં બદલી સારા કપડાં પહેરવા આગ્રહ કર્યો. જેના જવાબમાં ખેમાએ કહ્યું, "હું તો ગામડીયો ગમાર–વણિક છું, શહેરની વાત હું જાણુતો નથી, તેમજ હું સાલ દુશાલાને પણ ઓળખતો નથી."

ખેમાની હદ ઉપરાંતની સાદાઇ અને નમ્રતા જોઈ ચાંપશી શેઠે કહ્યું, "હે શેઠ, અમે તો તમારા ગુમાસ્તા જેવા દેખાઈએ છીએ, અને તમે તો અમારા શેઠ તુલ્ય દેખાઓ છો."

બાદ મહાજને ખેમાને પાલખીમાં બેસાડી, તેના લાયક માન આપી. તેને સાથે લઇ, સર્વે ચાંપાનેર આવ્યા, અને ટેકીલા બારોટને સાથે લઇ, ચાંપશી શેઠ અને મહાજન, ખેમા શેઠને પણ સાથે લઈ સુલતાન પાસે ગયા, અને વિનંતિપૂર્વક કહ્યું, "હે સુલતાન, આ વણિક શેઠ ત્રણસો સાઠ દિવસ સુધી અન્નદાન આપશે."

મેલાં જાડાં કપડાંવાળા માણુસ પાસે આટલું બધું ધન અને તે પણ મફત વાપરવાની હોંસ–એ જોઇ સુલતાન તો આશ્ચર્ય ચકિત થયો.

આશ્ચર્યમાં ગરકાવ થએલ સુલતાને ખેમાને પૂછયું, "હે વણિક, **તારે ઘેર કેટલાં ગામ છે?"**

**જવાબમાં ખેમાએ પળી અને પાલી સુલતાન સન્મુખ ધરી કહ્યું, કે "હે સુલતાન, આ એજ." પળી ભરીને આપું છું, અને પાલી ભરીને લઉં છું.**

સુલતાન અત્યંત ખુશી થયો. તેણે ખેમાને તથા મહાજનને પોતાના સ્વ-મુખે વિશેષ બિરૂદો અર્પણ કરતાં કહ્યું, "**પહેલો શાહ વણિક, અને બીજો શાહ પાદશાહ**" અને ત્યારથીજ આ કહેવત ચાલુ થઇ છે.

ટુંક સમય બાદ આ દાનેશ્વરી વણિક ખેમાશાએ શેત્રુંજય વિગેરે તિર્થોની યાત્રા કરી, ચારિત્ર અંગીકાર કરી, સ્વર્ગસુખની પ્રાપ્તિ કરી.

( ૩ )

સુજ્ઞ વાંચક, આવા મેલાંઘેલાં કપડાંવાળા બકાલીઓના હાથે સેંકડો વખત શાશન ગૌરવતા ગર્જાવ્યાના દાખલાઓ મળી આવે છે. જેમાં પ્રમાણને ખાતર નીચેનો તાજો દાખલો બંધબેસતો હોઇ અમો રજુ કરીએ છીએ:--લગભગ બે વર્ષ પૂર્વે મારવાડના એક શહેરમાં પ્રતિષ્ઠા સમયે પ્રભુને ગાદી પર બિરાજમાન કરવાનો ચઢાવો બોલાતો હતો. જેમાં એક મેલાંઘેલાં કપડાંવાળો બકાલી બોલીમાં સામો પડ્યો. અને ચઢાવાની રકમ રસે ચઢતાં રૂા. ૯૫૦૦૦) પંચાણું હજારમાં પ્રભુને બિરાજમાન કરવાનું તે મેલાંઘેલાં કપડાંવાળા વણિકેજ બીડું ઝડપ્યું. મહાજનના આગેવાનોને પાકી શંકા ઉત્પન્ન થઇ કે આ બોલીના પૈસા મળશે કે કેમ? એટલે મહાજને તુરતજ ઠરાવ કર્યો કે આ બોલીના રૂપિયા પ્રતિષ્ઠા પૂર્વેજ ગણી આપવા પડશે.

બીજેજ દિવસે આ ચઢાવો બોલનાર શેઠે મહાજનની આશ્ચર્યતા વચ્ચે જાજમ ઉપરજ રૂા. ૯૫૦૦૦)ની સુવર્ણ મહોરો એકી રકમે ગણી આપી.

× × ×

સુજ્ઞ વાંચક, ઉપરોક્ત ઇતિહાસિક ઘટના રજુ કરવાનું કારણ એટલુંજ છે કે અત્યારે વણિક મહાજનને પોતાના નામ પહેલાં "શાહ"ની અટક મૂકતાં શરમ આવે છે. અને મોટે ભાગે "શાહ"ના બદલે વિવિધ પ્રકારની અટકો જોવામાં આવે છે. ખરેખર એમાં પણ જમાનાની તાસીર છે; નહિતો "શાહ" જેવું ઉચ્ચ કોટીનું બિરૂદ વણિક પુત્ર કદાપિ કાળે ત્યજી દેય નહિ.

આજે પણ મહાજન કહેતાં દેશ પ્રતિનિધિ સભા ભારતમાં તો શું પણ જગતભરમાં અમર કીર્તિ સંપાદન કરી રહી છે. જેની સેવાનો આ માત્ર એકજ દાખલો ટાંકી અમો બતાવવા માંગીએ છીએ કે દેશોદ્ધાર તેમજ દેશ સેવાના કાર્યોમાં મહાજન સદાકાળે દાનવીર રહ્યું છે, અને રહેશેજ. દેશસેવાર્થે લાખોની રકમ, શ્રી. મહાત્માજીની એકજ અપીલે, તેમના ચરણે ધરનાર પણ આજ મહાજનના દાનવીર શાહ સોદાગરોજ છે, કે જેણે મહાજનની ટેક સાચવી છે. અને ભવિષ્યમાં પણ દેશસેવાર્થે ટેક સાચવવા પાછો પગ નહિજ ભરે અસ્તુ.

# शास्त्रसम्मत मानवधर्म और मूर्तिपूजा

( लेखक )—पूज्य मु, श्री. प्रमोदविजयजी म. ( पन्नालालजी )

मानवजीवन पूर्वजन्म की दीर्घकालीन घोर तपश्चर्या का ही मधुर एवं रम्य फल है। इस देव दुर्लभ फलरत्न की जितनी रक्षा और जितनी कीमत की जाय भविष्य में उतना ही उपयोगी सिद्ध होता है। श्रमण भगवान् महावीर ने तो इसे दुर्लभ ही नहीं बतलाया किंतु इन्द्र, नरेन्द्र एवं सुरेन्द्र वंदनीय भी कहा है। मोक्ष धाम के आवृत्त कपाटों के उद्घाटन का अखंड सौभाग्य भी इसी जीवन को प्राप्त है।

प्रथम तो मनुष्यायु का बंधना ही कठिन है क्योंकि इसके बंधन हेतु नानागुणों का उपार्जन करना पड़ता है। शास्त्रकारों ने इसके बंधन के चार कारण बतलाये हैं—

"चउहिं ठाणेहिं जीवा मणुयाउयं बंधंति तंजहाः–पगइभद्दयाए, पगइविणीययाए साणुक्कोसयाए अमच्छरिययाए त्ति॥

वेमायाहिं सिक्खाहिं, जे नरा गिहिसुव्वया।
उवेंति माणुसं जोणिं, कम्मसच्चा हु पाणिणो॥

'अर्थात् प्रकृति भद्रिकता, प्रकृति विनीतता, दयालुता एवं अमात्सर्य भाव ही मनुष्य भव के बंधन के कारण हैं। वाचकमुख्य उमास्वात्याचार्य ने भी अपने तत्वार्थाधिगम सूत्र में ऐसे ही चार कारण बतलाये हैं:–"अल्पारंभपरिग्रहत्वं स्वभावमार्दवार्जवं च मानुषस्य" अर्थात् आरंभ की न्यूनता, परिग्रह की अल्पता, स्वभाव में मृदुता एवं प्रकृति में सरलता ही मनुष्य भव प्राप्त करा सकती है। कदाचित् बहुत काल के भगीरथ प्रयत्न से एवं शुभ कर्मों की प्रधानता से निम्न गाथानुसार मानव भव प्राप्त भी हो जाय तथापि तत्संबंधित अन्य आवश्यक सामग्रियों की प्राप्ति तो अति दुष्कर ही है कहा भी है किः—

कम्माणं तु पहाणाए, आणुपुव्वी कयाइ उ।
जीवा सोहिमणुपत्ता, आययंति मणुस्सयं॥
माणुस्सं विग्गहं लद्धुं, सुई धम्मस्स दुल्लहा।
जं सोच्चा पडिवज्जंति, तवं खंतिमहिंसयं॥

तात्पर्य यह कि अनंतानुबंधी आदि कषायों के क्रमशः नष्ट होने पर जीव यदा कदा शुद्धि प्राप्त कर मनुष्य देह को प्राप्त भी करले तथापि उस धर्म का श्रवण करना बहुत कठिन है जिसके द्वारा क्षमा, दया, सत्यादि गुणों की प्राप्ति होती है। केवल मनुष्य का औदारिक शरीर ही सुखकारी नहीं होता है

किंतु उसके साथ विपुल ऋद्धि, दिव्यशरीर कांति, निर्मल यशराशि, दीर्घायुष्य एवं पौद्गलिक प्रधानसुखोत्पादक पदार्थों का संयोग भी आवश्यक है। उक्त सर्व सुख साधनों की प्राप्ति भी अनायास सब के लिये सुलभ नहीं है जिन्होंने अपरिमित पुण्यराशि का संचय किया है उनको ही ये प्राप्त हो सकते हैं। सुख साधनों के प्राप्त हो जाने मात्र से ही मनुष्य की आवश्यकतापूर्ति नहीं हो जाती किंतु मनुष्य जीवन के साथ २ मनुष्यत्व को समझना भी अनिवार्य है कारण जब तक उसका ज्ञान न होगा मनुष्य जीवन ही व्यर्थ हो जायगा।

जब तक इस जीवन की श्रेष्ठता, दुर्लभता एवं उपादेयता ज्ञात नहीं होती है तबतक उसकी उपेक्षा होना स्वाभाविक ही है। जिस प्रकार मूर्ख को रत्न की प्राप्ति हो जाय तो वह उसकी कुछ भी कीमत नहीं करता है कारण उसे उसकी उपादेयता ज्ञात नहीं। उसी मूर्ख को जब रत्न की कीमत मालूम पड़-जाती है तो वह अनेक प्रयत्न द्वारा उसकी रक्षा करता है। ऐसे ही जब मानवदेह का माहात्म्य ज्ञात हो जाता है तब उससे लाभ प्राप्ति की अभिलाषा जागृत होती है।

मनुष्यत्व हमारा मूल धन है। इस मूल धन की जितनी अधिक मात्रा में सुरक्षा एवं व्यवस्था की जायगी भविष्य में उतना ही अधिक लाभ होगा। जिसका मूल सुरक्षित है उसे कहीं भी किसी प्रकार का भय नहीं है यहां तक कि वह अपने मूल धन के बलपर अन्य द्रव्य वृद्धि भी कर सकता है किंतु जिसने मूल धन को भी बर्बाद कर दिया उसकी स्थिति के सुधरने में बहुत कठिनाई रहती है कहा भी है किः—

माणुसत्तं भवे मूलं, लाभो देवगई भवे।
मूलच्छेएण जीवाणं, णरगतिरिक्खत्तणं धुवं॥

अर्थात्—मनुष्यत्व मूल द्रव्य है और मूलद्रव्य से देवगति प्राप्त करना यह लाभ है। जिसने लाभ कमाना तो दूर रहा किंतु मूल मनुष्यत्व को भी खो दिया वह निश्चय ही नरक एवं तिर्यंच गति में परिभ्रमण कर दुःखोपार्जन करता रहता है। वास्ते मूल धन को रक्षा सर्व प्रथम आवश्यक है। इसकी सुरक्षा होने पर ही हमें कर्त्तव्याकर्त्तव्य, धर्माधर्म, अनिष्टानिष्ट, हिताहित, गुणा-वगुण एवं मार्गामार्ग का भान हो सकता है।

सब प्रकार से सुखपूर्ण अहीनपंचेन्द्रियत्व के साथ साथ दिव्य मानव शरीर प्राप्त भी हो जाय तथापि धर्म के बिना उसकी शोभा नहीं है। जिस प्रकार दही की शोभा मक्खन से, फूल की शोभा सुगंध से, तिल्ली की शोभा तेल से, शरीर की शोभा प्राणों से, सूर्य की शोभा किरणों से, गुण की शोभा गुणी से, दीपक की शोभा प्रकाश से, साधु की शोभा चारित्र से, उद्यान की शोभा विविध फल फूलों से, वन की शोभा वृक्षों की हरीतिमा से, सभा की शोभा विद्वद् मानव मंडली से, आचार्य की शोभा शिष्य परिवार से प्रजा की

शोभा राजा से, मंदिर की शोभा मूर्ति से, एवं कवि की शोभा कवित्व से होती है उसी प्रकार मनुष्य जीवन की शोभा भी धर्म से ही होती है।

यदि दही में से मक्खन अलग कर दिया जाय, फूल में से सुगंधी निकाल दी जाय, तिल्ली में से तेल पृथक् कर दिया जाय, शरीर में से प्राण चले जांय, सूर्य से किरणें अलग हो जाय, गुण गुणी को छोड दें, साधु से चारित्र अलग हो जाय, वन में वृक्ष न रहें, उद्यान में फल फूल न हो, सभा मंडप में विद्वज्जनों का अभाव हो, शिष्य मंडली में आचार्य देव न रहें, प्रजा में राजा न हो, मंदिर से मूर्ति अलग कर दी जाय तथा कवि में से कवित्व शक्ति और प्रतिभा निकाल दी जाय तो उक्त सकल पदार्थ सारतत्व विहीन, निराधार, शुष्क, निर्गुण, अनुपादेय, भारभूत अनादरणीय एवं अमान्य हो जावेंगे। इसी प्रकार मानव जीवन में से धर्म तत्व को निकाल दिया जाय तो मानवता का अंशमात्र भी अवशिष्ट न रहेगा। धर्मशून्य मनुष्यदेह उस कीटखाद्य सत्व हीन चने के समान है जो कि बाह्याकृति से तो रम्य एवं सुन्दर प्रतीत होता है किंतु आंतरिक परिस्थिति पोपलीलामयी होने से विचित्र ही रहती है।

शास्त्र वेत्ताओं का तो यह कथन है कि धर्म भावना विहीन मानव हृदय को पद्पर आपत्ति, दुःख और वेदनाओं का अनुभव करना पडता है। उसकी अवस्था उस गाडीवान् के समान होती है जो कि सीधे, सरल, सुमार्ग को छोड कर विकट दुर्गम कुमार्ग की ओर जाने से अक्ष (धुरा) भंग होने पर सोच करता है कहा भी है किः—

जहा सागडिओ जाणं, समं हिच्चा महापहं।
विसमं मग्गमोइन्नो, अक्खे भग्गम्मि सोयइ॥

एवं धम्मं विउम्म, अहम्मं पडिवज्जिया।
बाले मच्चुमुहं पत्ते, अक्खे भग्गे व सोयइ॥

अर्थात् जैसे गाडीवान् अपनी धुरा के टूट जाने पर वन के दुर्गम मार्ग में बैठ कर अपने किये हुए कृत्य पर पश्चात्ताप कर दुःखी होता है उसी प्रकार अज्ञ जन सुबोध एवं सरल उत्तम धर्मके सुमार्गको छोड़कर अधर्म के दुर्गम मार्ग की ओर प्रवृत्त तो हो जाते हैं किंतु कराल काल के मर्मभेदी प्रहार लगने के समय वे शोक करते हैं। उनके उस शोक का विशेष कुछ भी प्रभाव नहीं पड़ता है कारण स्पष्ट ही हैः-"अब पछताए क्या हुए चिड़ियां चुग गई खेत" दुःख या विपत्ति के आने पर जो प्रभु स्मरण, धर्म प्रवृत्ति एवं यम नियमादि किये जाते हैं वे एकान्त स्वार्थजन्य एवं पर प्रेरणा से किये जाते हैं अतः ऐसे यम, नियम, तपादि का उतना उत्तम फल नहीं होता जितना कि आवश्यक है। वही धर्म नियम आत्माभ्युदय का हेतु भूत हो सकता है जिसमे कि निःस्वार्थवृत्ति का प्राधान्य हो। धर्म का स्वार्थ से संबंध नहीं। स्वार्थियों से

वह कोसों दूर रहता है। कबीरदासजी ने भी इसी आशय को स्पष्ट करते हुए कहा है किः—

दुख में सुमिरन सब करे, सुख में करे न कोय।
जो सुख में सुमिरन करे, तो दुख काहे को होय॥

वास्तव में धर्म का संबंध मानव हृदय के साथ होने से सुख दुःख, हर्ष शोक एवं उन्नति अवनति में उसकी एक ही अवस्था रहनी चाहिये। धर्म मनुष्य का देव दुर्लभ वैभव है। उसमें सार्वभौम सत्ताधारी व्यक्ति को भी अपने दिव्य धर्म प्रताप से चल विचल करने की शक्ति विद्यमान रहती है। आत्मोन्नति एवं मानसिक शांति का साधकतम (उपादान) कारण भी यदि धर्म ही माना जाय तो किंचित् भी अत्युक्ति न होगी। शरीरजन्य क्लेशों एवं मानसजन्य दुःखों के उपशमन का भार धर्म पर ही है।

धर्म जीवों का प्राण है साथ ही अखिल चराचर रूप जगत् में अखंड शांति स्थापक दूत भी है। धार्मिक जीवन रहित मानव शरीरभारभूत और कर्मसंचय का निमित्त माना गया है। धर्म के विना वह एकांगसुंदर भले ही दृष्टिगोचर हो सकता है किंतु सर्वांग सुंदर कदापि नहीं हो सकता है।

कोई भी व्यक्ति कितना ही उच्च अभ्यासक हो, उच्च सिद्धान्तों का प्रतिपादन करता हो, नाना शास्त्र विशारद हो, अनेक भाषाओं का ज्ञाता हो एवं विविध साहित्य और ग्रंथों का अनुभव रखता हो किंतु यदि वह धर्ममर्म से या धर्मक्रिया प्रवृत्ति से अनभिज्ञ है तो उसकी सारी विद्वत्ता निष्फल ही है। जिस प्रकार अंकों के बिना शून्य का कोइ भी मूल्य नहीं उसी प्रकार धर्ममर्म को पहिचाने बिना मनुष्य का अक्षरज्ञान भी कौड़ी की कीमत का नहीं है और न वह थोथा शब्दज्ञान आत्म कल्याण में सहायक ही हो सकता है, कहा भी है किः—

भणंता अकरंता य, बंधमोक्खपइन्निणो।
वायावीरियमेत्तेणं, समासासंति अप्पयं॥
ण चित्ता तायए भासा, कुओ विज्जाणुसासणं।
विसन्ना पावकम्मेहिं बाला पंडिय माणिणो॥

अनुष्ठान प्रवृत्ति के विना शाब्दिक ज्ञान की निरर्थकता बताते हुए एक संस्कृत नीतिकार का भी कथन है किः—

अपूर्ण

# મનસાગરનાં મોજાં

લેખકઃ-બાપુલાલ કાલિદાસ સધાણી. "વીરબાલ"

[ આ ચિંતનને કોઇ નામધારી ધર્મ કે સાંપ્રદાયિક વાડાવાડીનાં બંધન નથી. આ તો છે હરએક જીવનશોધકને સહજ મંથનકણો. રસ્તે ચાલતાં. બેસતાં ઉઠતાં આવા હાથ લાગી જતા માખણ-કણિયા ચિંતક ટપકાવી લે તો એ નોંધ એને પોતાનેય ઉપયોગી થાય. —**લેખક.**]

સત્ય એવો પ્રકાશિત દીપક છે જેનો પ્રકાશ ચોદિશ ફેલાય, એ દીપક કોઈ સ્થળે કામ આપવા નકાર ભણે તો માનવું કે એ સત્ય નહિ પણ સત્યનો આભાસ છે.-બીજાએ પકડાવેલું ગદ્ધાપુંચ્છ છે.-માનવીના માનસ-ગુલામી નામના રોગનો એ દેખાડ છે. સત્યનું એકાદ પ્રકાશિત કિરણ જેને પ્રાપ્ત થયું હશે, એ કોઇપણ કઠીન પ્રશ્ન ખડો થતાં મુંઝાશે નહિ.

જેટલું જ્ઞાન માનવી ચારિત્રમાં ઉતારવા યોગ્ય તરીકે સ્વીકારે, તેટલું તેજ માનવી પોતાના આચરણમાં ના ઉતારી શકે એ વસ્તુ માનવજીવનની નિર્બળતાઓ ધ્યાનમાં લેતાં ક્ષમ્ય છે. પણ જ્યારે માનવી યોગ્ય તરીકે સ્વીકારેલાથી ઉલટું વર્તન કરી એ વર્તનનો દલીલોથી બચાવ કરે છે. ત્યારે તો માનવ નિર્લજતાની હદ આવી રહે છે. આના કરતાં તો એ માનવીઓ ચારિત્ર અને ધર્મનું નામ ના લેતાં આંખો મીંચી જીવન વહાવે જાય એજ બહેતર છે. આમ કરતાં તેઓ દંભના પાપમાંથી બચશે. અને સત્યનો પ્રકાશ એમને વહેલો મળશે. દંભ તો એક એવી વસ્તુ છે કે જે સત્ય અને માનવીની વચ્ચે લોખંડી દિવાલ ખડી કરે છે. મ્હને તો એ માનવી પ્રિય છે કે જે માનેલાને અમલમાં મુકવા બનતો પુરૂષાર્થ કરી છુટે છે. એને માટે સફળતા, નિષ્ફળતાની વાત બહુ મહત્વની નથી.

નિર્બળતાને કબુલ કરી પુરૂષાર્થ ભણી દૃષ્ટિ રાખો.-વિજય આપણો જ છે. નિર્બળતાથી જન્મેલા પરિણામોને યોગ્ય ઠેરવવા વાણીવિલાસ કરી સત્યનું ખુન ના કરો.-ભુલાવાના ચક્રમાં ના પડો-વિજયની એ ચાવી છે.

અંધશ્રદ્ધાની પીઠે હઠાગ્રહ લાગેલો છે જ. એ હઠાગ્રહથી માનવી અમુક આશિષ્ટ કૃત્યો-ડુંગળી, લસણ, બીડી આદિથી દૂર રહે છે. આને અમુક ગતાનુગતિક આચાર-સંધ્યા, પુજા, પ્રતિક્રમણ, સામાયિક, નિમાજ, અસ્પૃશ્યતા આદિને વળગી રહે છે ખરો પણ સાથે સાથે જીવનમાં ભારોભાર દુષ્કૃત્યોને એ વહન કરવા છતાં તેવાં કૃત્યોને વિવેકદૃષ્ટિથી જોઇ દૂર કરી શકતો નથી. અંધશ્રદ્ધાને અવિવેકનો અંધાપો છે. એ રાચે ભલે પણ ભાવી ઉજ્જવલ નથી.

# एक पंथ दो काज । आम के आम और गुटली के भी दाम ।

## आचार्य श्री विजयनीतिसूरीश्वरजी का उपदेश प्रभाव और तपाराधन

### शेठ हजारीमलजी जवानमलजी कोठारी की उदारता

**जिसको न जिनगौरव तथा निज धर्म का अभिमान हैं।**
**वह नर नहीं नर पशु निरा है और मृतक समान हैं ॥**

बंधुओ ! धर्म प्रभावना, सद्‌गुरु दर्शन लाभ, और उपधान तप इन तीनों का एक ही स्थान पर एकी करण होनाओ सोनेमें सुगंध के संयोग जैसा ही है । पूर्व जन्म संचित अनन्त पुण्य राशि से ही ऐसा स्वर्ण संयोग प्राप्त होता है । प्रथम तो सद्‌गुरु दर्शनलाभ ही अलभ्य है द्वितीय निर्विघ्न धर्म प्रभावना का सु अवसर भी सहसा प्राप्त नहीं हो सकता तृतीय तपस्वियों की सेवा का लाभ मिलना असंभव नहीं तथापि कष्ट साध्य अवश्य है । जहां इन तीनो का सुंदर सामंजस्य है वहां आनंद ही आनंद है । जिस ग्राम और जिस शहर को ऐसा स्वर्णावसर प्राप्त हुआ है उसका अहो भाग्य ही समझना चाहिये । इतना ही नहीं किंतु पूर्व जन्म कृत दीर्घ कालीन तप प्रभाव का ही कारण माना जाय तो कोइ अत्युक्ति न होगी । बांकली (मारवाड़) का सद् भाग्य है कि आज उसे अपनी पूर्व तपश्चया का फल प्राप्त हुआ है और जिसकी रमणीयता के प्रमाण में यहां की हर्षित भूमि का एक २ रजकण साक्षी दे रहा है । उपरोक्त तीनों बातों की परा काष्टा तो है ही किंतु साथ ही प्रभावक आचार्य दर्शन, श्रुति श्रवण, व्याख्यान लाभ और धर्म प्रभावना रूप उत्सवादि के द्वारा इस तप की और इस गांव की और भी अधिक मात्रा में शोभावृद्धि हुइ है । कहीं तप की झडियां लग रही हैं तो कहीं दर्शनों का लाभ लूटा जा रहा है तों कहीं धर्म प्रभावना हो रही है तो कहीं उत्सवादि मनाये जा रहे हैं आदि विविध धर्मोत्सवों से इस भूमि की रमणीयता लोगों के हृदय को विशेष आकर्षित करने वाली हो रही है । वर्तमान में इसके साज को देख कर इसको धर्म स्वर्ग भूमि कही जाय तो कोइ अत्युक्ति नहीं होगी ।

यह तो एक शास्त्र सम्मत सिद्धान्त है कि तप ही संसार में आत्मकल्याण और निर्जरा का मुख्य हेतु है इसके प्रभाव से कितने ही महा पुरुषोंने आत्मकल्याण किया है और वर्तमान में भीं कर रहे हैं । अर्जुनमाली जैसे घृणित

क्रूरकर्मी और पापात्माने भी इसी के अवलंबन से आत्म कल्याण कर संसार को एक अद्भुत पाठ पढ़ाया है। शारीरिक स्वास्थ्य की दृष्टि से तो इसका लाभ प्रत्यक्ष ही है किंतु उसी में कर्म निर्जरा का विशाल रहस्य भी छिपा हुआ है। तात्पर्य यह है कि मुमुक्षुओं के कर्म दल दलन का तप एक अमोघ शस्त्र है। उपधान तप भी ऐसा ही शास्त्र सम्मत उत्कृष्ट तप विशेष है जिसका सुलाभ पुण्यशाली व्यक्ति ही उठा सकते हैं।

यों तो इस तप की अनेक स्थलों पर आराधना हो रही है और हुइ है किंतु वर्तमान में इसवर्ष श्री मज्जैनाचार्य, प्रातःस्मरणीय, चारित्र बल संपन्न तपस्तेजपुंजधारी, जीर्णोद्धारक, शांत स्वभावी, सरल हृदयी, आनंदमस्त अध्यात्म योगी, बालब्रह्मचारी एवं एवं परमादरणीय परमपूज्य श्री श्री १००८ श्री विजयनीति सूरीश्वर जी महाराज सा. की अध्यक्षता में बांकली ग्राम में जो उपधान तप प्रारंभ है उसकी छटा अनेक दृष्टियों से अलौकिक ही है। इस तपाराधन में करीब ६००,६२५ श्रावक श्राविकाएं विरक्त भावना पूर्वक दत्तचित्त होकर जिनप्रणीत धर्म क्रिया का सोत्साह लाभ ले रहे है। इस तपाराधन की व्यवस्था के सारे भार का बीड़ा बांकली निवासी, धर्मप्रेमी, उदार हृदयी, दानवीर, सुखसम्पन्न श्रीमान् शाह हजारीमल जी जवानमल जी कोठारी ने ही उठाया है। यह अब आचार्य देव के उपदेशामृतपान का ही सुप्रभाव है। जब से मारवाड प्रांत में सपरिवार आचार्य देव का पुनीत पदार्पण हुआ है तभी से यहां के ग्रामों में जन मन रंजनकारी धर्मोद्योत की एक नवीन ही ज्योति जग मगा रही है। जिन २ क्षेत्रों में आपकी वैराग्य वाणी मयी श्रुतोपदेश धारा की वर्षा हुई है उन उन क्षेत्रों में पूजा, प्रभावना, दीक्षा आदि विविध प्रभावोत्पादक कार्य हुए हैं। गुजरात प्रांत तो आपके प्रभाव से प्रभान्वित है ही किंतु मारवाड में भी लोगों की सुप्त धर्म भावनाओं को जागृत कर उन्होना जीवन प्रदान कर स्फूर्ति देने में पर्याप्त सफलता प्राप्त की है आचार्य देव के पवित्र शुभागमन से मारवाड स्थल में जितनी धर्म जागृति और धर्मोद्योत हो रहा है यह उनके चारित्र बल वृद्धि के शुभ संदेश को ही सूचित करता है। बांकली ग्राम भी जब इस धर्म प्रभाव से वंचित न रह सका तो बड़े २ शहरों में आपकी विजय दुंदुभि बजे और यश पताका लहरावे तो इसमें आश्चर्य ही क्या है? आपके प्रभावातिशय का परिचय गिरनारतीर्थ; चित्तोड़गढ, आदि तीर्थस्थान स्वयं ही दे रहे है।

आचार्य देव के उपदेश प्रभाव से आकर्षित होकर अपने द्रव्य का काित-

पर्यांश सद्धर्म हेतु व्यय करने के उद्देश्यसे यहां के श्रीमान् सेठ हजारीमलजी जवानमलजी कोठारी अत्यन्त आग्रह पूर्ण विनती के साथ आचार्य श्री को अपनी शिष्य संपदा सहित शिवगंज से बांकली समारोह पूर्वक लाये। जिस सदुद्देश्य से आपने आचार्य देव को पदार्पण कराया उसकी पूर्ति वर्तमान में कार्यरूप में परिणत होती हुई प्रत्यक्ष ही दृष्टि गोचर हो रही है। आप यहां के प्रतिष्ठित, गण्य, मान्य एवं योग्य सद्गृहस्थ है। आपकी उदार चित्तवृत्ति का परिचय आपके इन विशाल कार्यो से ही हो जाता है। लक्ष्मी और उसके सदुपयोग की उक्ति जैसी कि एक प्रसिद्ध कवि ने की है यहां सर्वथा सर्वांशों में घटित होती है:—

कमला विलास विलोल कर चपला प्रकाश समान है।
धन लाभ कर साफल्य बस सत्कार्य विषयक दान है॥

धन प्राप्त करना उन्हीं का सार्थक है कि जिनके द्वारा किसी सत्कार्य को प्रेरणा मिली हो। संसार में प्रायः देखा जाता है कि जिनके पास लक्ष्मी है या तो वे संकुचित (कंजूस) वृत्ति वाले बन जावेंगे या स्वार्थ साधन में ही सर्वस्व व्यय करदेंगे किंतु परमार्थ तत्व को स्वप्न में भी स्मरण नहीं करते हैं। धन लाभ और उसका विवेक पूर्ण यथार्थोपयोग का संबंध सुविचारकता से विशेष है। तप प्रबंध भार वाहक उक्त शेठजी उन लक्ष्मी पात्र व्यक्तियों में नहीं है जिनको कि स्वार्थमात्रा ही सतत सताती रहती है। आपका जीवन ध्येय परमार्थ और धर्म की ओर विशेष है। साथ ही सुविचारकता भी कूट २ कर भरी हुइ है। धन वाले मदवाले हो जाते है यरु जो लोकोक्ति संसार में प्रचलित है उसके आप अपवाद स्वरूप हैं। धार्मिक उत्सवों और धर्म प्रभावना के निमित्त आप विवेक पूर्वक खर्च करने में कदापि संकोच नहीं करते है। आपका व्यापार व्यवसाय बेंगलोर सीटी में है। इस उपधान कार्य में सारा कुटुम्ब तन, मन और धन से श्री संघ की सेवा और भक्ति खूब हर्ष के साथ कर रहा है। श्रीमंत होने पर भी स्वयं खूब परिश्रम उठाकर अपने हाथों से श्री संघ की सब प्रकार से सेवा करना यह मैंने आपके जीवन में मुख्य विसेषता देखी है कारण श्रीमंतपने के साथ परिश्रम का और सेवा का छत्तीस का आंक है अर्थात् पूरा विरोध है किंतु आपके जीवन में जो दोनों संयोगो का सुंदर एकीकरण हुआ है वह संभव है किसी नवीन ढंग के अच्छेरे का हीं सूचक हो?

धन्य है ऐसे श्रावक रत्नों को जो कि इस प्रकार चंचल लक्ष्मी से लाभ उटाकर धर्म प्रभावना के वृद्धि की विशेष आकांक्षा और उत्कंठा रखते हैं। इतना ही नहीं शास्त्रकारों ने तो धर्मप्रभावना को समकित दृढ कारिणी और यावत् उच्च फल प्रदायिनी बतलाई है।

इसी शुभ प्रसंग के अन्तर्गत माघ शुक्ला चतुर्दशी के दिन आचार्यश्री के हाथों से साध्वी गुणश्री तथा चंपकश्रीजी की बड़ी दीक्षा भी बड़े समारोहपूर्वक हुई जिसके उपलक्ष में अट्ठाई महोत्सव वर्तमान में प्रारंभ है। यह इस तप की मुख्य विशेषता को सूचित करता है।

उक्त शेठजी के पुत्ररत्न श्री चंदुलालजी, सूरजमलजी, पुखराजजी, मेघराजजी, लक्ष्मीचंदजी, डाह्यालालजी, खीमचंदजी

आदि भी बहुत उत्साह पूर्वक अपने कर्त्तव्य का पालन कर श्री संघ की भक्ति कर रहे हैं एतदर्थ आपके साथ आपके सकल परिवार को भी कोटिशः धन्यवाद है।

शासनदेव से यही प्रार्थना है कि ऐसे धर्मप्रभावक आचार्य रत्न, और ऐसे लाभार्थी धर्मप्रेमी श्रावक रत्न हमेशा दीर्घायु बने रहें जिससे धर्मोद्योत के साथ २ शासनोन्नत्ति भी विशेष हो।

सूचनाः—यहां पर तीर्थोद्धारक श्रीमज्जैनाचार्य श्री विजयनीतिसूरीश्वरजी म. सा. तथा व्याख्यान वाचस्पति श्री विजयहर्षसूरीश्वरजी म. तथा उपाध्यायजी श्री दयाविजयजी म. आदि ठाणा ३५ सहित महासतियांजी श्री ठाणा ७५ सहित बिराजमान हैं। दर्शनलाभ, व्याख्यान श्रवण लाभ और धर्मप्रभावना का सुंदर अवसर है। यहां की छटा देख कर ऐसा विचार होता है मानों बांकली ग्राम स्वर्ग लोक से समता करने के लिये साज सजा रहा हो।

प्रेषकः—अमीचंद जैन बांकली

## પાનસર તીર્થમાં પ્રતિષ્ઠા મહોત્સવ

મુખ્ય દેરાસરની આજુબાજુના નવા બે ચૈત્યોમાં આદિનાથ અને શાન્તીનાથ પ્રભુની પ્રાચીન મૂર્તિઓની શેઠ ઉમેદચંદ વીરચંદ તથા શા. ડાહ્યાભાઈ કાળીદાસ તરફથી મહા વદી ૬ ની પ્રતિષ્ઠા હોઇ, મહા સુદી ૧૪ ને સોમવારના કુંભસ્થાપનાથી અષ્ટાહ્નીકા મહોત્સવનો પ્રારંભ કરી દરરોજ જુદા જુદા પ્રકારની પૂજાઓ રાગ રાગણીથી ભણાવવા સાથે અંગ રચનાઓ ઉત્તમ પ્રકારની કરાવતા, મહા વદી સોમવારના પ્રભુજીને બીરાજમાન કરી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગને શોભાવવા બન્નેના અતિ આગ્રહથી પં. શાન્તીવિજયજી ગણિવર્ય આદિ સાધુમંડળ અમદાવાદથી વિહાર કરી પાનસર પધારવા સાથે શેઠ ડાહ્યાભાઈ પોતાના વતનથી સંઘ કાઢી પ્રતિષ્ઠા કરવા પાનસર તીર્થે પધાર્યા હતા, અને તેઓશ્રીએ મહા વદિ ૮ ના ધામધુમ સાથે સંઘમાળ પહેરી હતી. આ આખા પ્રસંગને સુવ્યવસ્થિત રીતે પાર પાડવામાં તબીયત નરમ હોવા છતાં પાનશર તીર્થના મુખ્ય સંચાલક શેઠ ભોગીલાલ સાંકળચંદભાઇએ અનહદ શ્રમ લીધેલ હોવાથી તીર્થભક્તી માટે તેમને ધન્યવાદ આપીએ છીએ.

## રાધનપુરની સામાજીક સંસ્થાઓનું અવલોકન

# જૈન સ્વયંસેવક મંડળનું દિગ-દર્શન.

આ સંસ્થાની સ્થાપના અઢારેક ઉત્સાહિ બંધુઓની પ્રેરણાથી સં. ૧૯૯૬ ના વસંતપંચમીના રોજ જાહેર મેળાવડાથી કરવામાં આવ્યા, બાદ મંડળના સેવાભાવી કારોબારીઓની ખંતીલી મહેનતને આભારી આજ સુધીમાં ૧૦૪ સ્વયંસેવક અને ૨ બાળ-વીર મળી એકંદર ૧૦૬ સેવાના જીજ્ઞાસુ યુવકો સાંપડવા, ઉપરાંત આમ જનતા તરફથી આઠસોક રૂપીઆ ભેટ મળેલ છે.

આ સંસ્થાના સભ્યો સમાજના દરેક ધાર્મિક કાર્યોનું કોઈપણ જાતના બદલાની અપેક્ષા સિવાય વ્યવસ્થા જાળવવાનુ કાર્ય ઉપાડી લે છે, અને તેને આભારી આમ જનતાનો સંસ્થા પ્રત્યેનો ચાહ વધવાના લીધે, ટુંકા સમયમાં સંસ્થાને આર્થિક મદદનુ પોત્સાહન સારૂ મળ્યું છે.

ચાલુ સાલમાં સંસ્થાના સભ્યોએ શેઠ હીરાલાલ બકોરદાસ તરફના ઉપધાન-તપ, શા. વરધીલાલ કચરાચંદના ઉદ્યાપન, વિજયગચ્છ તરફની વાર્ષિક જળયાત્રા, શહેર ચૈત્ય પરિપાટી, શાન્તીસ્નાત્ર મહાપૂજા આદિ મહોત્સવોમાં વ્યવસ્થા જાળવવાની સારી સેવા આપેલ હોવાથી સંસ્થાએ લોકોનું હ્રદય જીતી લીધેલ છે.

સંસ્થાના ઉત્સાહિ અગ્રણીય મી. આંણદિલાલ, મુક્તીલાલ ચંદુલાલ, અને કાન્તીલાલ આદિની સંસ્થાને મજબુત બનાવી લોકસેવામાં લઈ જવાની જે ધગશ છે, તે જો તેમનામાં અસ્ખલિત રહેશે, તો આ સંસ્થાનુ ભાવી અમો સારૂ અટકળીયે છીએ.

આમ જનતાને અમારૂ સૂચન છે કે આ ઊગતી સંસ્થાને આર્થિક મદદથી મજબુત બનાવી, તેમની લોકસેવાના ઉત્સાહને આગળ વધારવાનું કરવા સાથે પ્રદેશિક અગવડોના પ્રસંગોએ મંડળ સેવાના ક્ષેત્ર માટે, જે પ્રકારની યોજના કરી તેને ધપાવવા આર્થિક મદદની ઝોળી ખોલે તો તે ભરી આપી, તેમના જન સેવાના ઉત્સાહના વેગને સહાયભૂત થશો.

સંસ્થાના કારોબારીઓને માર્ગસૂચન આપીએ છીએ કે જનસેવાના કાર્યની ભાવના સાથે આડંબર અને અતિરેકનો મેળ નથી, તે વાત ધ્યાનમાં રાખી સેવાભાવી યુવકોને, વિનય, શિસ્તબંદ્ધતા, સહનશીલતા, અને નમનતાઈના પાઠોથી કેળવવાનું ચુકશો નહિ.

તા. ૭-૨-૪૧ ની મીટીંગમાં ગત વર્ષનો રિપોર્ટ પસાર કરાવી, ચાલુ સાલની કારોબારીની વરણી નીચે મુજબ કરવામાં આવેલ છે.

પ્રમુખ:-મી. આણંદિલાલ કમળસીભાઈ, ઉપપ્રમુખ-મી. બાપુલાલ મણીલાલ, સેક્રેટરી-મી. મુક્તીલાલ કરમચંદ; અંડર સેક્રેટરી-મી. ચંદુલાલ કકલચંદ, ટ્રેઝરર-મી. ફકીરચંદ પુંજમલ, કેપ્ટન-મી. કાન્તીલાલ મોતીલાલ, વાઈસ કેપ્ટન-મી. કીરતીલાલ સીવલાલ, મી. રતીલાલ મણીલાલ, મેનેજીંગ કમીટિ મેમ્બર્સ, મી. હરગોવન ચીમનલાલ, મી. જમનાલાલ સંપ્રીતચંદ, મી. અચરતલાલ ભોગીલાલ, મી. રતીલાલ દલસુખ, મી. કાન્તીલાલ વમળસી, મી. જયંતીલાલ ભોગીલાલ, મી. પ્રફુલ નાથાલાલ, અંતમાં સંસ્થા અભ્યુદય થવા સાથે દિર્ઘાયુષિ થાય એમ ઈચ્છીએ છીએ.

# વિર-શાસનનું હડહડતું જુઠાણું અને ગુલબાંગો
## પૂજ્યસિદ્ધિસૂરિશ્વરજી પ્રત્યે વિજ્ઞપ્તી

જૈનાચાર્ય વિજયસિદ્ધિસૂરીજીનું વીરશાશન તા. ૧૫-૧-૪૦ માં "પૂજ્ય શ્રીઆણંદવિમળસૂરિશ્વરજી મહારાજના નામવાળુ પાનું જો શ્રીતપાગચ્છની માન્યતા મુજબનું સાચુ છે, એ પુરવાર થઈ જાય તો તેમ માનવા અને કરવા તૈયાર છું, અરે ભાઈ! અત્યારસુધી અમે આજે કર્યું તેનું પ્રાયશ્ચિત લેવા પણ તૈયાર છું." આ પ્રકારનું આવ્હાન થતાં અમોએ તે આવ્હાનનો સ્વીકાર કરી તે પાનું તપાગચ્છની માન્યતા મુજબનું શ્રીશ્રમણ સંઘની મધ્યસ્થ કમીટી કે જે આચાર્યદેવ પોતે નીમે તેની પાસે સિદ્ધ કરી આપવા, તા. ૨૩-૧૧-૪૦થી પત્ર વ્યવહાર શરૂ કરી માગસર સુદિ ૧૧, માગસર વદિ ૭ અને પોસ સુદિ ૧૫ એમ ત્રણ મુદતો આપી, વિજ્ઞપ્તી કરેલ કે શ્રમણ સંઘની મધ્યસ્થ કમીટી નીમી અમોને જણાવો તો તે પૂર્વાચાર્યોનું પાનું તપાગચ્છની માન્યતા મુજબનુ સિદ્ધ કરી આપવા અમો તૈયાર છીએ, પરંતુ તેમ કરી તીથી ચર્ચાનો અંત આણવાના બદલે ઉલટાં અમારી પાસેથી પુરાવાઓ માંગે છે, અને જો તે પૂરાવાઓ તેમને સંતોષ નહિ આપે તો વધારે પુરાવાઓ માંગતા જો તેઓને પાનું તપાગચ્છની માન્યતાવાળુ છે તેમ જણાશે તો તે મુજબ તેઓ આચરણા કરશે એવો તેમના ઉપર વિશ્વાસ રાખી બધુ સાહિત્ય બતાવવાનુ કહે છે, અને વધુમાં જણાવે છે કે વિદ્યમાન શ્રમણ સમુદાય અમુકપક્ષીય હોઇ તેઓની કમીટી નીમી શકાય નહિ. આ રીતે વાદિ પોતેજ ન્યાયાધિશ પણ બનવા માગે છે. જે સ્વીસ્તર પત્રવ્યવહાર 'જૈનધર્મ વિકાસ'ના અંક ત્રીજામાં બહાર પડેલ છે. તે અવલોકન કરવાથી જનતા સારી રીતે જાણી શકશે.

અમોને અમારા **પરમ પૂજ્ય આચાર્યદેવ વિજયનિતીસૂરિશ્વરજી મહારાજની** બીમારીના અંગે તેમના ચરણોમાં હાજર થવાની જરૂરત જણાઈ, ત્યારે પણ પ્રતિપક્ષ કોઈ પણ જાતની ખોટી ગુલબાંગો ન ઉડાડે તેથી વિહાર કર્યા પહેલા "સમાજના ચરણે નિવેદન" પોસ વદિ ૩ના કરી, વિહાર કરેલ હોવા છતા પણ તે નિવેદનમાં અમોએ વયોવૃદ્ધ આચાર્યશ્રીને જણાવેલ છે કે આપશ્રી ગમે ત્યારે શ્રીશ્રમણ સંઘની મધ્યસ્થ કમીટી નીમી અમોને જણાવશો, ત્યારે જો અમારા **પરમ પૂજ્ય આચાર્યદેવની** શારીરિક સ્થીતિના અંગે અમોને રોકાવાની જરૂરત નહિ હોય તો વગર વિલંબે તે કમીટી રૂબરૂ આવી તે પૂર્વાચાર્યોવાળુ પાનું શ્રીતપાગચ્છની માન્યતા મુજબનું સિદ્ધ કરી આપીશું. આ પ્રમાણે અમર્યાદિત ચાલુ મુદત આપવા છતાં વિરશાસન તા. ૭-૨-૪૧ના અંકમાં તંત્રીશ્રી લખે છે કે "પં. કલ્યાણવિજયજી પાનું પુરવાર કરવાના બદલે અમદાવાદ છોડી મારવાડ તરફ ચાલી નીકળ્યા" આથી આવા જુઠાણા ફેલાવનાર તંત્રીશ્રીને અમો પ્રશ્ન કરીએ છીએ કે, વિહાર કરતા પહેલા અમોએ "સમાજના ચરણે અમે કરેલ તે નિવેદન" વાંચ્યા પછી આપે આવી કડવી ટીકા કરેલ હોય તો, તે દુનીઆની આંખે ઉંધા પાટા બંધાવવાજ આવા હડહડતા જુઠાણાનો પ્રચાર કરેલ છે? કે બીજા કાંઈ હેતુસહ? અમારો પત્રવ્યવહાર બહાર પડ્યા પછી જનતા સમજી શકેલ છે કે તીથી ચર્ચાનો અંત ન લાવવામાં હઠાગ્રહ કોનો છે? એથી તમારી આવી વાહિયાત વાકપટુતામાં જનતા સમજણી હોવાથી હવે ફસાઈ જાય એમ નથી સમાજનો મોટો ભાગ હવે ચોખ્ખુ સમજી ચુકેલ છે કે તિથી

વિતંડાવાડને ટાળી સમાજને શુદ્ધ આરાધક બનાવવાની ભાવનાઓ વ્યોવૃદ્ધ આચાર્યશ્રીમાં છેજ નહિ. જો તેઓશ્રી શાંન્તીઇચ્છિક હોત તો અમારી વિનંતી મુજબ શ્રીશ્રમણસંઘની મધ્યસ્થ કમીટી નીમી કયારનીયે, નીણર્ય કરાવી લીધેલ હોત. પણ આ તો નવો રાહ કાઢવા છતાં વાદિ બનીને નીણર્ય કરવો નથી, પણ ન્યાયાધિશ બનવુ છે. તે આવા તર્કવાદના સમયમાં તો કેમ નભી શકે? એટલે અમારૂ તો ચોકસ માનવું છે કે તેઓશ્રી અતઃ-કરણથી જુની પ્રણાલિકાને માનતા હોવા છતાં, હઠાગ્રહથી યા બીજાઓના આગ્રહથી આ નવો રાહ શરૂ કરેલ છે, જો તેમજ ન હોય અને તેમનો નવો રાહ સાચોજ હોત તો જરૂર ચર્ચાનો સ્વીકાર કરેલ હોત? ખેર તે તેમની ઇચ્છાધિન છે.

પત્રકારિત્વની ભાષા એવી મીઠી સરળ અને હૃદયસ્પર્શિ હોવી જોઇએ. કે જેથી સમાજનુ ઐક્ય સંધાય, જ્યારે વિરશાશનની ભાષામાં એટલી બધી નિરંકુશતા વધી પડી છે કે જેના પ્રતાપે આજે સમાજમાં વિભાગો પડવા સાથે કેટલાક સરળ સ્વભાવી આત્મા-ઓના હૃદયમાં ઝેર રેડાવા અંતે સમાજની છીન્નભીન્નતા થઈ રહેલ છે.

અંતમાં અમારી શુભેચ્છા છે કે પત્રકારો પોતાની સેવા સમાજનું સંગઠ્ન અને ઐક્ય સાધવામાં અર્પી સમાજમાં અકારા થતા અટકે.

પૂજ્ય આચાર્યશ્રી સિદ્ધિસૂરીજીને હજુ પણ વીનંતી છે કે અમારી ચાલુ માંગણી મુજબ, શ્રીશ્રમણ સંઘની મધ્યસ્થ કમીટી **ચૈત્ર સુદિ ૧૫** સુધીમાં ગમે ત્યારે નીમી, આપશ્રી અમોને જણાવશો તો અમો પાનું સિદ્ધ કરી આપવા તે તરફ પ્રયાણ કરીશું.

મહા વદિ ૧૩ વાંકલી. લી. **પં. કલ્યાણવિજયજી.**

# વર્તમાન-સમાચાર

## ચાંદરાઇ નગરમાં ગણિપદારોહણ નિમીત્તે-શાન્તીસ્નાત્ર સાથે અષ્ટાહ્નીકા મહોત્સવ

પં. હિંમતવિજયજી ગણિ આદિ ઠાણા ૩ પોસ સુદી ૧ નાં અત્રે પધારતાં સંઘે સામૈયુ કરી નગર પ્રવેશ કરાંવ્યો હતો, જેમની દેશનાથી સઘે પર્વતક શાન્તીવિમલજીને ગણીપદ આપવાનુ નક્કી કરતાં તે મહોત્સવ નિમીતે શાન્તીસ્નાત્ર સાથે અષ્ટાહ્નીકા મહોત્સવની પોસ વદી ૦)) થી શરૂઆત કરી મહા સુદિ ૬ ના સહવારના પર્વતક શાન્તીવિજયજીને ગણિ પદવી અને સાધવી સુલોચનાશ્રીજીને વડી દીક્ષા આપી બપોરના શાન્તીસ્નાત્ર કરવામાં આવવા સાથે શેઠ સેસમલજી જેરૂપજી તરફથી નોકારસી અને શેઠ ભાનમલજી છોગાજી તરફથી શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી.

## પાવાપુરીમાં ઉપધાન-તપ માળા પરિધાન મહોત્સવ

પન્યાસજી શ્રી માણેકવિજયજી ગણિના સદુપદેશથી બીહારવાસી બાબુ લક્ષ્મીચંદજી તથા કેસરીચંદજી સુચન્તી, કલકત્તાનિવાસી લક્ષ્મીકુમારી શ્રીમાલ તરફથી ઉપધાન-તપ કરાવેલ તેની મંગળમાળા પરિધાન મહા સુદિ ૬ ના રાખી તે નિમીતે બાબુ કેસરીચંદજી તરફથી તેમના ધર્મપત્નીએ આરાધેલ ચતુર્દશી

પૂર્ણ થતાં ઉદ્યાપન સાથે અષ્ટાહ્નીકા મહોત્સવ શરૂ કરી જુદા જુદા પ્રકારની પૂજાઓ અને અંગરચના કરાવી હતી.

મહા સુદિ ૫ નાં ઘણાજ આડંબરપૂર્વક માળાનો વરઘોડો ચઢાવી રાતના રાત્રીજાગરણ કરી મહા સુદિ ૬ ના મંગળ પ્રભાતે માળાઓ પરિધાન કરવાનું કાર્ય શરૂ કરતાં પ્રથમ માળા બાબુ લક્ષ્મીચંદજીના ધર્મપત્ની તારાદેવી બ્હેને પહેરી હતી. માળા વિધિ સંપૂર્ણ થયા બાદ વાજીંત્ર સાથે બધા જળમંદિરે દર્શન કરવા ગયા હતાં.

## મુનિ વિહારથી થતા લાભો

પંન્યાસજી ઉદયવિજયજી ગણિ આદિ થાણા ૪ વંથલી (સોરઠ) પધારતાં સંઘે સામૈયુ કરી નગર પ્રવેશ કરાવ્યો હતો, તેમની અમૃતમય દેશનાનો લોકો ઘણો સારો લાભ લે છે, અને નાનુ ગામ હોવા છતાં જૈન-જૈનેતરો ઘણા માણસો હમેશાં લાભ લે છે. તેમના ઉપદેશથી બસો જણાએ નવલાખ નવકાર મંત્ર ગણવાની પ્રતિજ્ઞા લેવા ઉપરાંત શેઠ દામોદરદાસ વસાવાળા તરફથી અષ્ટાહ્નીકા મહોત્સવ સાથે નૌકારસી કરવામાં આવી હતી, વળી મહા સુદિ ૧૫ ના શેઠ કાન્તીલાલ તરફથી નાણ મંડાવી બ્રહ્મચર્ય અને તપ આદિના વ્રતો પોણોસો જણાએ લીધા હતાં, તે ઉપરાંત શ્રાવીકાઓને ચંદનબાળાના અઠ્ઠમની તપસ્યા ચાલુ છે; વિશેષમાં પાઠશાળાના વિદ્યાર્થીઓની પરિક્ષા મહારાજશ્રીએ લઇ તેમને લાયકાત મુજબ રૂ. ૧૦૨) નું શેઠ દેવકરણ મુળજી તથા સ્વર્ગસ્થ દામોદરદાસ તરફથી ઇનામ એનાયત કરવામાં આવ્યાં હતાં.

## વાંકલીમાં ઉપધાન-તપનો અષ્ટાહનીકા મહોત્સવ.

### જૈનાચાર્ય વિજયનીતિસૂરિશ્વરજી મહારાજના સદુપદેશથી

શાહ હજારીમલ જવાનમલ કોઠારીવાળાએ પોસ વદિ ૧૦ થી મહામંગળકારી ઉપધાન-તપની શરૂઆત કરાવતા છસો ઉપરાંત પુરૂષ, અને બાળ કુમારિકાઓ સાથે નારીસમૂહ થઇ તપ-આરાધનામા જોડાયેલા હોઇ, તેમની માળા પરિધાન કરાવવાનુ મુહૂર્ત્ત ફાગણ સુદિ એકાદશીનું હોવાથી, આ મંગળ તપ નિર્વિંઘ્ને પરિપૂર્ણ થયો તેની ખુશાલીમાં શેઠશ્રી તરફથી શ્રીસિદ્ધાચળજી, શ્રીગિરનારજી આદિ તીર્થો અને સમોસરણની ધર્મશાળામાં રચના કરાવી અષ્ટાહ્નીકા ઉત્સવનો પ્રારંભ ફાગણ સુદિ તૃતિયાથી કરી, દરરોજ જુદા જુદા પ્રકારની પૂજાઓ રાગરાગણીથી ભણાવવા સાથે નવનવા પ્રકારની આંગીઓ કરાય છે. આ પ્રસંગને શોભાવવા આખા ગામને શુશોભિત કમાનો અને ધ્વજાઓથી દેદીપ્યમાન બનાવી પેટ્રોમીક્ષ બત્તીઓથી ઝગઝગાટ કરી મૂકેલ છે. અને મહેમાનોની આઠે દીવસ શેઠશ્રી તરફથી સરભરા થવા ઉપરાંત માળાપરિધાન દિને સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ છે.

મુદ્રક:-**હીરાલાલ દેવચંદ શાહ.** "શારદા મુદ્રણાલય." જુમામસ્જીદ સામે-**અમદાવાદ.**
પ્રકાશક:-**ભોગીલાલ સાંકળચંદ શેઠ.** "**જૈનધર્મ વિકાસ**" ઓફિસ જૈનાચાર્ય શ્રી વિજયનીતિસૂરિશ્વરજી વાંચનાલય. ૫૬/૧ રીચીરોડ-**અમદાવાદ.**

## વાંચકોને !

માસિકના નમુનાનો અંક આપને મોકલવામાં આવે છે. આપશ્રીને અવલોકન કરતાં જો એ સંતોષ આપવામાં સફળ નીવડે તો આશા છે કે, વાર્ષિક લવાજમ સ્થાનિકના રૂા. ૨-૦-૦ અને બહારગામના (પોસ્ટેજ સાથે) રૂા. ૨-૬-૦ મોકલી આપશ્રી માસિકના ગ્રાહક તરીકે નામ નોંધાવશો.

લવાજમ મોડામાં મોડા આવતી સુદિ ૧ સુધી મોકલી આપશો. કે, જેથી વી. પી. થી મોકલતાં વધુ ખર્ચ ન થાય, છતાં જણાવશો તો વી. પી. કરવામાં આવશે.

ગામ પરગામ વિચરતા પૂજ્ય મુનિવરો માસિકનો પ્રચાર કરી, નવા વાંચન-રસિક ગ્રાહકો નોંધાવી માસિકને પ્રોત્સાહન આપશે, એવી અમે આશા રાખીએ છીએ.

કોઇ પણ સામાજીક સંસ્થાઓ કે પૂજ્ય મુનિગણને અમો, મફત કે ઓછા દરથી માસિક આપી શકીએ તેમ નથી, એ સૂચન થાય.

નમુનાની નકલ મંગાવવાથી મોકલી આપવામાં આવશે. "તંત્રી"

---

## ફક્ત સાધુ સાધ્વીઓ માટેજ

મનીઓરડરથી વાર્ષિક લવાજમના રૂા. ૩-૦-૦ (પોસ્ટેજ સાથે) મોકલી થનારા માસિકના ગ્રાહકોને નીચેના ચાર પુસ્તકો ઉપરાંત લવારની પોળવાળા **પોપટબ્હેન** તરફથી "તપાગચ્છ પટ્ટાવળી" ક્રાઉન આઠ પેજી, પાકુ પુઠું (જેકેટ સાથે) પૃષ્ઠ ૩૫૦નુ **ભેટ** મોકલવામાં આવશે. વી. પી. થી મોકલાશે નહિ. "તંત્રી"

---

## ગ્રાહકોને ખાસ લાભ

દર માસની સુદિ પંચમીએ નિયમિત પૃ. ૩૨ નું વાંચન. વાર્ષિક લવાજમ સ્થાનિકના રૂા. ૨-૦-૦ અને બહારગામના રૂા. ૨-૬-૦ (પોસ્ટેજ સાથે)થી પુરૂ પાડવા ઉપરાંત આકર્ષક પુસ્તકો ભેટ આપવામાં આવશે.

માસિકના નવા થનાર ગ્રાહકને લવાજમ મોકલી આપવાથી (૧) આચાર્યશ્રી-વિજયનીતિસૂરિશ્વરજી મહારાજનું જીવન ચરિત્ર (સંસ્કૃત) ક્રાઉન સોળ પેજી, પાકુ પુઠું પૃ. ૪૭૬ અગર પ્રશ્નોત્તર રત્નમાળા (હીંદિ-ગુજરાતી) ક્રાઉન સોળ પેજી, પૃ. ૧૯૦ એ બેમાંથી જે કોઇ એકની પસંદગી કરી ગ્રાહક જણાવશે તે, ઉપરાંત શ્રીયશોવિજય જૈન પુસ્તકાલય, રાધનપુર તરફથી, (૨) રથયાત્રા મહોત્સવ. (૩) ચોવીસ જીનકલ્યાણક, (૪) સ્તવનાવળી, મળી એકંદર ચાર પુસ્તકો ભેટ આપવામાં આવશે.

"તંત્રી"

## જાહેર ખબર આપનારાઓને

જૈન સમાજને ગામડે આ નવા માસિકનો પ્રચાર થશે, અને એથી જાહેર ખબર આપનારાઓ પોતાના પ્રચારનો સંદેશ દૂર દૂર પહોંચાડી શકશે.

માસિક નિયમિત પ્રગટ થતુ હોવાથી જાહેર ખબર આપનારાઓને આ તકનો લાભ લેવા આમંત્રણુ આપીએ છીએ, ભાવ નીચે મુજબ.

| પૃષ્ટ | બારમાસ | નવમાસ | છમાસ | ત્રણમાસ | એકમાસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૦ | ૩૨ | ૨૪ | ૧૮ | ૬ |
| ૦॥ | ૨૫ | ૨૦ | ૧૫ | ૯ | ૪ |
| ૦। | ૧૫ | ૧૨॥ | ૧૦ | ૭॥ | ૨॥ |

એક વખત ટુંકી જાહેરાતના કોલમની બે લાઈન યા તેના ભાગનો રૂા. ૧)

અંક સાથે છપાવેલ તૈયાર હેન્ડબીલની માત્ર વહેંચામણીના એક વખતના રૂા. ૧૫)

અંક સાથે છપાવેલા તૈયાર દરેક તોલા અઢી યા તે વજનના કોઇ પણ ભાગના સૂચિપત્રની માત્ર વહેંચામણીના એક વખતના રૂા. ૩૦)

સરતો-(૧) નાણા અગાઉથી લેવામાં આવશે. (૨) જાહેર ખબર લેવી યા ન લેવી એ તંત્રીની મરજી ઉપર રહેશે. (૩) જાહેરાત પાછી મોકલાશે નહિ.

વધુ ખુલાસા માટે પત્રવ્યવહાર યા પુછપરછ નીચેના શરનામે કરો.

"જૈન ધર્મ વિકાસ" ઓફિસ

૫૬/૧ ગાંધીરોડ, અમદાવાદ.

---

# તપાગચ્છ પટ્ટાવલી

## સાહિત્યરસિક જનતાને ખાસ તક

### ઉપાધ્યાય શ્રીમદ્ ધર્મસાગરજી વિરચિત—

**તપગચ્છ પટ્ટાવલી:**—સંપાદક, પં૦ શ્રી કલ્યાણવિજયજી મહારાજ. છપાઈને તૈયાર થઇ પ્રસિદ્ધ થઈ ચુકેલ છે, આ ગ્રંથમાં પ્રભુશ્રી મહાવીરદેવની પાટપરંપરાએ થયેલા આચાર્યાદિ સાથે શાસનપ્રસિદ્ધ અન્ય મહાપુરૂષોનું ઐતિહાસિક દ્રષ્ટીએ ઉપયોગી સાહિત્ય આપવામાં આવ્યું છે.

ક્રાઉન આઠ પેજી ૩૫૦ પૃષ્ટના, શોભિત ફોટાઓ, અને પાકુ પુંઠું (જેકેટ) સાથેના આ ગ્રંથનું મુલ્ય માત્ર રૂા. ૧-૮-૦. પોસ્ટેજ જુદું

લખો—જૈન ધર્મ વિકાસ ઓફિસ, ૫૬।૧ ગાંધી રોડ, અમદાવાદ.


ટાઇટલ છાપનાર : શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, જુમામસીદ સામે—અમદાવાદ.